| | ગુજરાતી (દ્વિતીય ભાષા) | |
|---|---|---|
| ગુજરાતી | BOARD QUESTION PAPER-6 | Standard-12 |
| સમય : 3 કલાક | AUGUST 2020 | કુલ ગુણ : 100 |

સૂચના : (1) આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ વિભાગ A, B, C, D, E છે.
(2) બધા જ વિભાગના પ્રશ્ન ફરજિયાત છે.
(3) કેટલાક પ્રશ્નોમાં આંતરિક વિકલ્પ છે.
(4) જમણી બાજુના અંક ગુણભાર દર્શાવે છે.
(5) લેખન સજ્જતા, ભાષા શુદ્ધિ તથા લખાણની મૌલિકતાને ગુણ પ્રાધાન્ય આપવામાં આવશે.

## વિભાગ - A (પદ્ય આધારિત)

- **નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો.** **4**

1. હરીન્દ્ર દવે નું કયું કાવ્ય તમારા પાઠયપુસ્તકમાં છે ?
(અ) મેરૂ રે ડગે પાગ જેના મન નોં ડગે (બ) વીજળી ને ચમકારે મોતીડા પરોવો પાનબાઈ
(ક) મેળો આપો તો (ડ) વડલો ને પંખીડા

2. જીવનની ગમે તવડી મોટી મુસીબતો પણ અમને છૂટા પાડી શકતી નથી અતૂટ સ્નેહ તાતણાંને દઢ બનાવી આપણને મૂલ્યવાન શીખ પહોંચાડે છે. આ વિધાન કયા કાવ્ય માટે યથાર્થ છે ?
(અ) વતન નો તલસાટ (બ) વડલો ને પંખીડા (ક) વીડી વાઢનારા (ડ) હંકારી જા

3. નીચેના કાવ્યમાંથી સોનેટ કાવ્યપ્રકાર ઓળખાવો.
(અ) વતન નો તલસાટ (બ) વીડી વાઢનારા (ક) ક્રોધી સ્વભાવ ને (ડ) મેળો આપોતો

4. નીચેનામાંતી કયાં પ્રતીક ‘હંકારી જા’ કાવ્યમાં નથી.
(અ) વીણા અને વાણી (બ) પાંપણી અને સોણલું (ક) હોડી અને સંસાર (ડ) દરિદ્ર અને નારાયણ

- **નીચે આપેલા પ્રશ્નોના એક એક વાક્યમાં ઉત્તર લખો.** **4**

5. ગંગાસતીની શિષ્યા કોણ હતી ?
6. પંખીઓ શું ઈચ્છે છે ?
7. નાયિકા શેના વડે ઘાસ કાપે છે ?
8. કવિની દષ્ટિએ શૂરા કોણ છે ?

- **નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાકયમાં ઉત્તર લખો.** **8**

9. પંખીઓ વડ ને શા જવાબ આપે છે ?
10. ‘તું પકડે છે પીંછી’ પંક્તિમાં કવિ સંજુવાળા કઈ આશા વ્યક્ત કરે છે ?
11. કવિ ‘ઉશનસ’ની મૃત્યુ પછી કઈ અપેક્ષા છે?
12. ‘આ રસ્તાઓ’ કાવ્યમાં કવિ ને શેના પ્રત્યે આકર્ષણ છે ? શા માટે ?

**અથવા**

12. ‘મેળો આપો તો’ કાવ્યમાં કવિ શી અકળામણ અનુભવે છે ?

- **નીચેના પ્રશ્નોનો આશરે 100 શબ્દોમાં ઉત્તર લખો.** **4**

13. દયારામનો શરણાગતિ ભાવ તમારા શબ્દોમાં લખો. **અથવા**
13. ગ્રામ અને નગર સંસ્કૃતિનો ભેદ કાવ્યના સંદર્ભમાં સમજાવો.

## વિભાગ - B (ગદ્ય આધારિત)

- **નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો.** 4

14. 'થીંગડું' કૃતિનો સાહિત્ય પ્રકાર જણાવો.
(અ) નવલકથા ખંડ (બ) સ્મરણ કથા (ક) નવલિકા (ડ) પ્રવાસ નિબંધ

15. 'કુસુમનું કઠણ તપ' ખંડ કઈ નવલકથામાંથી લેવામાં આવ્યો છે ?
(અ) પૃથ્વી વલ્લભ (બ) કરણ ઘેલો (ક) જય સોમનાથ (ડ) સરસ્વતી ચંદ્ર

16. ઈટાલીનું કદાચ જગતનું અનુપમ લાવણ્ય શહેર તે ............. જગતમાં આવી જળનગરી ભાગ્યે જ હશે.
(અ) નૈરોબી (બ) કેમ્બ્રિજ (ક) વેનિસ (ડ) ન્યૂ જર્શી

- **નીચે આપેલા પ્રશ્નોના એક એક વાક્યમાં ઉત્તર લખો.** 4

17. ગામના મુખી એ પૂંજા પર શો આરોપ કરેલો ?
18. વેનિસ મૂળ ભૂમિથી દૂર એડ્રિયાટિક સમુદ્રના કેટલા ટાપૂઓ પર વસેલી આ નગરી અત્યંત મોહક છે ?
19. ખંભાતના કિલાચંદ શેઠની દીકરી કબુ, સારા દહાડા લઈ ને મુંબઈ થી કયા શહેરમાં ઉતરી ?
20. દરેક બાળકનું બાળપણ સુખમાં જાય તે માટે દેશપાંડે કયું સૂચન કરે છે ?
21. 'હવે અખેદાસ ઈશ્વરરૂપી જહાજે ચડ્યો' આ વાક્ય કોમ બોલે છે ?

- **નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર આપો. (પ્રત્યેકના બે ગુણ)** 8

22. અખો શા માટે સંસાર ત્યાગ કરે છે ? એની મનઃસ્થિતિ જણાવો.
23. 'થીંગડું' પાઠમાં થીંગડું મારવાની વાત જુદા જુદા સંદર્ભે આવે છે, સમજાવો.
24. 'તું કેડે તરવાર બાંધે તે કરતાં મારે બીજો કયો રૂડો દાંડો હોય'? વિધાન કોણ, કોના સંદર્ભમાં કોને સંભળાવે છે ? કયા સંજોગોમાં કયા કારણે બોલે છે ?
25. રાજીમાએ કાગળ લખવાનો માંડી વાળ્યો. શા માટે ?

**અથવા**

25. 'સાચા સુખનું સર્જન લેખકની શાળા' લેખક આવું શા માટે કહે છે ?

- **નીચેના પ્રશ્નોનો ઉત્તર સવિસ્તાર લખો.** 4

26. 'ડાઘ' લઘુકથામાં પ્રગટ થતી સંવેદના આલેખો.

**અથવા**

'મોરના ઈંડા' શીર્ષક સમજાવો.

## વિભાગ - C (વ્યાકરણ આધારિત)

- **નીચેના સૂરના પ્રમાણે જવાબ આપો. (પ્રત્યેકનો 1 ગુણ રહેશે.)** 20

27. નીચેના વાક્યમાં યોગ્ય પ્રત્યય મૂકી વાક્ય ફરીથી લખો.
કેરી આંબે પડી.
28. નીચેના વાક્યમાં યોગ્ય નામયોગી મૂકી વાક્ય ફરીથી લખો.
તે ધાબે થી .... આવી ગયો.
29. નીચેના વાક્યમાં યોગ્ય પ્રત્યય અને નામયોગી મૂકી વાક્ય ફરીથી લખો.
ગોવિંદ ...... સૌ ઊભા હતાં.

30. નીચેના વાક્યમાં યોગ્ય વિરામચિન્હ મૂકી વાક્ય ફરીથી લખો.
અહિં ગંદકી કરવી નહી કરનારને દંડ થશે

31. વાક્યને અર્થપૂર્ણ બનાવવા માટે વિરામચિન્હ સુધારી વાક્ય ફરીથી લખો.
તમે જુઓ છોને મને એક પળનીય નવરાશ મળે છે

32. યોગ્ય સંયોજકનો ઉપયોગ કરી નીચેના સાદા વાક્ય જોડો.
1. મને ઇંદોર જવાનો હુકમ હાથમાં પકડાવ્યો.
2. મહિનાની લગભગ આખરી તારીખો હતી.

33. નીચેના વાક્યમાં ખોટા સંયોજકનો પ્રયોગ કર્યો છે, સુધારી વાત ફરીથી લખો.
તારા ઉપર એવું તે કયું દુઃખ આવી પડ્યુ લો તુ આટલો ઉદાસીન રહે છે ?

34. નીચેના વાક્યોમાંથી સાદુવાક્ય ઓળખાવો.
(અ) શિયાળો શરૂ થયો પણ ઠંડી પડતી નથી.
(બ) વીજળી ચમકે છે.
(ક) હવે હું જ્યારે ત્યાં આવીશ ત્યારે તમને યાદ કરીશ.
(ડ) કૂવામાં સરવાણી જ નથી તેથી પાણી આવે ક્યાંથી.

35. નીચેના વાક્યોમાંથી સંયુક્ત વાક્ય ઓળખાવો.
(અ) ગોવાળ ગાય ચારે છે અને દોહે છે.
(બ) જો હું અધ્યાપક હોત તો વિદ્યાર્થીઓને મૂલ્યલખી વાતો રસતી સમજાવત.
(ક) અમારે જમવું હોયતો અમે તમને જાણ કરીએ ને!
(ડ) વગર વિચાર્યું વર્તન કરી નાખે છે તે પાછળથી ઘણો જ પછતાય છે.

36. નીચેના વાક્યોમાંથી સંકુલ વાક્યો ઓળખાવો.
(અ) જ્યાં આટલી ઠંડી પડે છે ત્યાં લોકો કેમ રહેતા હશે ?
(બ) વિદ્યાર્થી ભણે છે તથા રમે છે.
(ક) રમેશને રજા પડી એટલે તે ઘેર આવ્યો.
(ડ) તમે અહીં આવશો કે સીધાજ રાજકોટ જશો ?

37. નીચેના વાક્યોમાંથી કયા વાક્યનો પદક્રમ યોગ્ય છે ? તે જણાવો.
(અ) તે પાંચ વરસ જૂના આઈસ્ક્રીમ ના વેપારી છે.
(બ) ગામમાં એક સફરજન વેચતો ફેરિયો આવ્યો.
(ક) અહીં ગામ શું શુધ્ધ દૂધ મળે છે.
(ડ) શુધ્ધ ભેંશ નું એક કિલોગ્રામ ઘી મને આપો.

38. નીચેના વાક્યમાં કયો પદ સંવાદ યોગ્ય છે ?
(અ) નિશાળે ગીતાબેન ગયા છે.
(બ) ગીતાબેન નિશાળે ગયા છે.
(ક) નિશાળે ગયા છે ગીતાબેન.
(ડ) ગયા છે ગીતાબેન નિશાળે.

39. નીચે આપેલા રૂઢિપ્રયોગનો સાચો અર્થ શોધો.
– બે પાંદડે થવું
(અ) ધનવાન થવું
(બ) ઝાડ પરથી પાંદડુ પડવું
(ક) વૃક્ષારોપાણ કરવું
(ડ) બે પાંદડા ભેગા કરવાં

**40.** નીચે આપેલા સામાસિક શબ્દનો અર્થ આપો.
— વળાવિયો
(અ) વળી વળી ને કામ કરનાર (બ) કામ કરીને વળી પાછા આવવું
(ક) વળતા આવે આવનાર (ડ) રસ્તામાં સંભાળ રાખનાર

**41.** નીચે આપેલા શબ્દનો સમાનાર્થી શબ્દ આપો.
— ફરમાન
(અ) હુકમ (બ) ફરસાણ
(ક) ફેરિયો (ડ) ફરવણી

**42.** નીચે આપેલા શબ્દનો વિરૂધ્ધાર્થી શબ્દ લખો.
— દીન
(અ) દિવસ (બ) ગરીબ
(ક) શત્રુ (ડ) તવંગર

**43.** નીચે આપેલા વાક્યોમાંથી કયા વાક્યની વાક્યરચના ખોટી છે તે જણાવો.
(અ) વિદ્યાર્થી ભણે છે તથા રમે છે. (બ) રમેશ ને રજા પડી એટલે તે ઘેર આવ્યો.
(ક) વરસાદ વરસે છે. (ડ) નથી સરવાણી કૂવામાં તેથી પાણી આવે ક્યાંથી.

**44.** નીચેના શબ્દોમાંથી સાચી જોડણી વાળા શબ્દ શોધો.
(અ) કાંતિ (બ) લકિર (ક) ચીરાયું (ડ) શિંગડું

**45.** નીચેનામાંથી ખોટી જોડણીવાળો શબ્દ શોધો.
(અ) વિદ્યા (બ) પિયા (ક) હરીત (ડ) સ્મૃતિ

**46.** નીચેના કહેવત જોડકામાંથી સમાન અર્થવાળું જોડકું શોધો.
(અ) કરણી તેવી ભરણી - કરશો તેવું પામશો.
(બ) ઝાઝી કીડીઓ સાપને તાણે - ઝાઝામળ્યા તે ખાવાટળ્યા.
(ક) બોલે તેના બોર વેચાય - ન બોલવામાં નવ ગુણ.
(ડ) ધરમના કામમાં ઢીલ નહીં - ઉતાવળે આંબા ન પાકે.

## વિભાગ - D (અર્થગ્રહણ / લેખન સજ્જતા)

• **નીચે આપેલ કાવ્યને વાંચીને આવેલા પ્રશ્નોના જવાબ લખો (પ્રત્યેક નો ૧ ગુણ રહેશે.)** **5**

માણસ મરી જાય છે પછી
થોડા દિવસ -
કરુણ શબ્દની ઊડા ઊડ
હોસ્પિટલની લોબીમાં ફરતાં સગા વહાલાં જેવી
કાલાં આશ્વાસનોની અવરજવર
થોડા દિવસ -
'ગીતા'તે 'ગરૂડ પુરાણ'ની હવા
પછી બેંક બેલેન્સ ની પૂછપરછ

પછી
મરનાર ના પુરુષાર્થના
ગુણગાનની ભરતી અને ઓટ
રેશન કાર્ડમાંથી નામની બાદબાકી
છેવટે રોજની જેમ સૂર્ય ઊગે છે
રોજની જેમ સૂર્ય આથમે છે
અને કંકુની ડબી પર જાણે કે
શબની ચાદર ઢંકાઈ જાય છે
કંકણોની પાપણો ટપક્યા કરે છે અને
મંગલસૂત્ર ઝર્યા કરે છે

**પ્રશ્નો :**

47. માણસના મરી ગયા પછી થોડા દિવસ શું થાય છે ?
48. કવિએ કાલા આશ્વાસનોને કોની સાથે સરખાવ્યા છે ?
49. મર્યા પછી શાની ભરતી અને ઓટ આવે છે ?
50. કંકુની ડબી પર શાની ચાદર ઢંગાઈ જાય છે ? ને કોણ ઝર્યા કરે છે ?
51. કાવ્યને ઉચિત શીર્ષક આપો.

- **નીચે આપેલા ફકરા ને ધ્યાનથી વાંચી તેને આધારે નીચે આપેલા પ્રશ્નોના યોગ્ય ઉત્તર આપો.** 5

વર્તમાન પત્રો સેવા ભાવ થીજ ચાલવા જોઈએ એ હું 'ઈંડિયન ઓપીનિયન' ના પહેલા માસની કારકિર્દીમાંથી જોઈ ગયો. વર્તમાન પત્ર એ ભારે શક્તિ છે પણ જેમ નિરંકુશ પાણી નો ધોધ ગામના ગામ ડુબાવે છે ને પાકનો નાશ કરે છે, તેમ નિરંકુશ કલમ નો ધોધ નાશ કરે છે. એ અંકુશ બહારથી આવે તો તે નિરંકુશ કરતાં વધારે ઝેરી નીવડે છે. અંદરનો અંકુશ જ લાભદાયી હોઈ શકે. આ વિચાર સરણી સાચી હોય તો દુનિયામાં કેટલા વર્તમાન પત્રો નભી શકે પણ નકામા નો ધોધ બંધ કોણ કરે ? કોણ કોને નકામું ગણે ? કામનું ને નકામું સાથે સાથે ચાલ્યા જ કરવાનાં તેમાંથી મનુષ્યે પોતાની પસંદગી કરવાની રહી.

52. વર્તમાન પત્રો કેવી રીતે ચાલવા જોઈએ ?
53. નિરંકુશ કલમ નો ધોધ કોને નાશ કરે છે ?
54. કલમ ઉપર બહાર ના તત્વો અંકુશ મૂકે તો શું થાય ?
55. જો કલમ ઉપર અંદર નો અંકુશ હોય તો શું થાય ?
56. પરિચ્છેદ ને ઉચિત શીર્ષક આપો.

- **નીચે આપેલા અંગ્રેજી પરિચ્છેદને વાંચી, સમજી તેનો 1 / 3 ભાગમાં ગુજરાતી સંક્ષેપ કરો.** 5

57. These ae ants who do 'farming'. You may know that it was a big leap for human progress when man gave up being a full-time hunter and took to farming. Seemingly, the umbrella ants of South America have take the same step in their small way ! They are called by that name because they are often seen carrying large pieces of leaf over their heads like umbrellas. They take these pieces of leaf to their nests, where they chew them up nicely. Afterwards they make beds of these chewed-up leaves. On these beds grows a kind of fungus, which is the food of ants.

58. **નીચે આપેલા મુદ્દાપરથી વાર્તા લખો અને તેનું યોગ્ય શીર્ષક આપો.** **5**

રામપુર ગામ - મનુ અને કનુ બે મિત્રો - મનુ શરીરે મજબૂત કનુ સુકલકડી - જંગલમાં ફરવાજવું - ખૂબ ફર્યા - પાછા ફરતા રસ્તામાં રીંછ નો ભેરો - પાછળ પડવુ - કનુ નું ઝાડ પર ચડી જવું - ડર - મનની મુંઝવણ - નીચે જમીન પર સૂઈ જવું - શ્વાસ રોકવો - રીંછનું પાસે આવી સૂંઘી ચાલી જવું - રીંછ ગયા પછી કનુ નું ઝાડપરથી ઉતરવું - બોધ.

## વિભાગ - E (લેખન સજ્જતા)

59. **નીચે આપેલ પંક્તિઓનો આશરે 100 શબ્દોમાં વિચાર-વિસ્તાર કરો.** **5**

''આવ નહિં, આદર નહિં, નહિં નયનોમાં નેહ,
એવા ઘર કદી નવ જઈએ ભલે કંચન વરસે મેહ''

**અથવા**

''નિશાન ચૂક માફ નહિ માફ નીચું નિશાન.''

60. તમારી શાળામાં યોજાયેલ ધોરણ 12 ના વિદ્યાર્થીઓના વિદાય સમારંભ વિશે આશરે 100 શબ્દોમાં અહેવાલ લખો. **5**

- **નીચે આપેલ કોઈ એક વિષય પર આશરે 250 (બસો પચાસ) શબ્દોમાં આપેલ મુદ્દાઓના આધારે નિબંધ લખો.** **10**

61. **આધુનક ભારતના ઘડતરમાં યુવા પેઢીની ભૂમિકા :**

- પ્રાસ્તાવિક - અમરયુવા ક્રાંતિકારીઓ - દેશના નવસર્જનમાં યુવાઓનું પ્રદાન - પ્રેરણા - સાંપ્રત સમસ્યાઓમાં યુવા પેઢીની ભૂમિકા - ઉપસંહાર.

**અથવા**

**મોબાઈલ - લાભાલાભ :**

- પ્રાસ્તાવિક - શોધ - મોબાઈલનો જાદુ - સંદેશા વ્યવહારનું મનોરંજન - અનોખુ માધ્યમ - શિક્ષણનો પ્રચાર - વિજ્ઞાનની અનોખી ભેટ - સમયનો બગાડ - સમાજ પર એક ખરાબ અસર - ઉપસંહાર.

**અથવા**

**મારું શૈશવ :**

- પ્રસ્તાવના - શૈશવ - માતાની મમતાનું મૂલ્ય - બચપણના યાદગાર સંસ્મરણો - બાળપણની વિશેષતાઓ - ઉપસંહાર.

❑❑❑